# નગર શિક્ષણ પત્રિકા

પત્રિકા નં. : ૭ | પ્રકાશક : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ | જાન્યુઆરી : ૨૦૧૪



| પ્રેરણા | માર્ગદર્શન | લેખન - સંપાદન | |
|---|---|---|---|
| ડૉ. જગદીશ ભાવસાર<br>અધ્યક્ષ | ડૉ. એલ. ડી. દેસાઈ<br>શાસનાધિકારી | નલિનીબહેન પોપટાણી<br>નાયબ શાસનાધિકારી | અધ્યાપકગણ<br>નૂતન તાલીમ વિભાગ |
| ડૉ. હર્ષદ પટેલ<br>ઉપાધ્યક્ષ | | | |


**'शिक्षक कभी साधारण नहीं होता, प्रलय और निर्माण उनकी गोदमें पलते है.'**

**- ચાણક્ય**



## સંપૂર્ણ સાક્ષર અમદાવાદ

સન્માનનીય સ્કૂલ બોર્ડ પરિવારના સદસ્યો,

**નૂતન વર્ષાભિનંદન**

નવા વર્ષની શુભેચ્છા આપવામાં વિલંબ થયો છે. જો કે નવા વર્ષે તમે સૌ સ્વસ્થતા સાથે બાળકોને જ્ઞાનામૃત પિવડાવવામાં વ્યસ્ત થઈ ગયા હશો જ. નવા વર્ષનો સંદેશ તમારા સુધી પહોંચાડવા નગર શિક્ષણ પત્રિકાને માધ્યમ બનાવી છે.

સૌને વિતેલા વર્ષની સરખામણીમાં નવા વર્ષે આગળ વધવાની, પ્રગતિ કરવાની અંતરની ઈચ્છા હોય તે સ્વાભાવિક છે. આપણે તો 'આગળ વધીએ, વધતા રહીએ'ની વિચારકણિકાને આધારે કાર્ય આરંભ્યું છે. પરિવારના આપ સૌ સદસ્યોના ભરોસે આ કાર્યને સફળ કરવાની અપેક્ષા રાખી છે.

આંતર માળખાકીય સુવિધાઓ જેવી કે, રમત-ગમતના સાધનો, વર્ગખંડની જીવંત દીવાલો આ બધું જ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ મ્યુનિ. કોર્પોરેશનના શિક્ષણપ્રેમી શાસકોના તેમજ રાજ્ય સરકારના હકારાત્મક અભિગમને કારણે ઊભી થઈ રહી છે. ત્યારે...


પરિવર્તનના સંદેશને ઝીલીએ, વર્ગખંડને જીવંતતા બક્ષીએ,વર્ગખંડને બાળકોથી ભરેલો રાખવા શિક્ષણની નવીન પ્રયુક્તિઓ અપનાવીએ, બાળકને લઘુત્તમ ક્ષમતાઓથી મહત્તમ ક્ષમતાઓની સિદ્ધિઓ તરફ લઈ જઈએ, શાળા-બાળક સાથે આત્મીયતાનો ભાવ કેળવીએ, સ્વચ્છતા, સુંદરતાનો અભિગમ ઘર મંદિરની જેમ સરસ્વતી મંદિરમાં અપનાવીએ. પરિણામલક્ષી-ગુણવત્તાલક્ષી શિક્ષણને માટે સમયદાન કરવા તત્પર બનીએ. મ્યુનિ. શાળાની લોકમાનસમાં પડેલી અયોગ્ય છાપને ભૂંસવા નક્કર પરિવર્તનની જીદ કરીએ. 'સૌની શાળા'નો ખ્યાલ વિકસાવીએ, ઉત્તમની, ગુણવત્તાની અને સારી બાબતોની સ્પર્ધા કરીએ. પરમાત્માએ આપેલ પવિત્ર-સેવાના બાળક થકી વ્યક્તિ નિર્માણના મહાન કાર્યને પવિત્રભાવથી કરવાની વાતને જીવનનું મહત્ત્વનું લક્ષ્ય બનાવીએ.

'સંપૂર્ણ સાક્ષર અમદાવાદ' સંકલ્પમાં સહયોગી બનીએ તેવી નમ્ર પ્રાર્થના.

આપના

**ડૉ. હર્ષદ પટેલ**
**વાઈસ ચેરમેન**

**ડૉ. જગદીશ ભાવસાર**
**ચેરમેન**



**મુખ્ય શિક્ષકશ્રીઓ માટે માર્ગદર્શન બેઠક :-**

નવા શૈક્ષણિક વર્ષના શુભારંભે શાળાઓમાં જીવંત શૈક્ષણિક માહોલનું નિર્માણ થાય તે હેતુથી તમામ શાળાઓના મુખ્ય શિક્ષકો માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેરના સહયોગથી ‘ઈનોવેટીવ એકિટવિટી’, ‘મૂલ્યાંકન પદ્ધતિ’, ‘વાંચન-લેખન-ગણન’ અને સાંસ્કૃતિક કાર્યક્રમ જેવા વિષયોની ચર્ચાના હેતુસર સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી ડૉ. જગદીશભાઈ ભાવસારના અધ્યક્ષ સ્થાને ઝોનવાર બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૫-૭-૧૩ના રોજ ખોખરા શા.નં.૨ના સ્થળ પર પૂર્વ તથા દક્ષિણ ઝોન, તા.૧૬-૭-૧૩ના રોજ એલિસબ્રીજ શાળા.નં.૨ ખાતે પશ્ચિમ ઝોન તથા સરસપુર શા.નં.૧૩/૧૪ ખાતે ઉત્તર ઝોન અને તા.૧૭-૭-૧૩ના રોજ ખાડિયા શાળા.નં.૨ ખાતે ઉર્દૂ તેમજ હિન્દી ઝોનના મુખ્ય શિક્ષકશ્રીઓએ ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું હતું.

**નામી અનામી શહીદ દિન :-**

તા.૯-૮-૧૩ના રોજ શહીદ વીર કિનારીવાલાને શ્રદ્ધાંજલિ આપતો એક કાર્યક્રમ મ્યુનિ. સ્કૂલ બોર્ડ દ્વારા યોજાઈ ગયો. સ્કૂલ બોર્ડના સ્કાઉટ-ગાઈડ બાળકોએ રેલી સ્વરૂપે હાથમાં બેનર લઈ સૂત્રો પોકારતા-પોકારતા ટાઉનહૉલ, એલિસબ્રીજ, ગુજરાત કોલેજના કેમ્પસમાં આવેલ શહીદવીર કિનારીવાલાના સ્મારકે પહોંચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી ડૉ. જગદીશભાઈ ભાવસાર, વાઈસચેરમેનશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, સભ્યશ્રીઓ તથા સ્કૂલ બોર્ડના અધિકારીઓ, સ્કાઉટર-ગાઈડર શિક્ષકોએ બાળકો સાથે રેલીમાં જોડાઈ શહીદવીર કિનારીવાલાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

**રાષ્ટ્રભાવના જાગૃતિ સપ્તાહ :-**

**ચિત્ર સ્પર્ધા :-**

સ્કૂલ બોર્ડ દ્વારા તા.૯-૮-૧૩ થી તા.૧૫-૮-૧૩ દરમ્યાન ઉજવવામાં આવેલ ‘રાષ્ટ્રભાવના જાગરણ સપ્તાહ’ અંતર્ગત તા.૧૦-૮-૧૩ના રોજ સ્કૂલ બોર્ડની શાળાઓમાં ધો. ૩ થી ૮ના તમામ બાળકોને રાષ્ટ્રધ્વજનું ચિત્ર દોરાવીને તેમાં રંગપૂરણી કરાવવામાં આવી હતી. ધોરણવાર શ્રેષ્ઠ ચિત્ર દોરનાર બાળકોને પ્રોત્સાહક ભેટ પણ આપવામાં આવી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે ધો.૩ થી ૮નાં આશરે ૧ લાખ બાળકોએ એક સાથે રાષ્ટ્ર ધ્વજ દોરી રાષ્ટ્રભાવનાના દર્શન કરાવી અનોખો વર્લ્ડ રેકોર્ડ કર્યો.

**રાષ્ટ્રભાવના જાગરણ રેલી :-**

તા.૧૨-૮-૧૩ના રોજ સ્કૂલ બોર્ડની ધો.૬ થી ૮ની તમામ શાળાઓમાંથી સવારે ૮-૩૦ કલાકે ‘રાષ્ટ્રભાવના’ને ઉજાગર કરતાં સૂત્રો અને બેનર સાથે શાળાની નજીકના એક કિ.મી.ના વિસ્તારને આવરી લઈને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં શાળાઓના બાળકો સાથે શિક્ષકો,અધિકારીઓ તથા સામાજિક કાર્યકરોએ હાજરી આપી હતી. સમાજમાં રાષ્ટ્રભાવના જાગૃત થાય તેમજ બાળકોમાં દેશભાવના વિકસે એ જ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હતો.

**‘મા તુઝે સલામ’ રાષ્ટ્ર ભક્તિ ગાનનો કાર્યક્રમ :-**

‘રાષ્ટ્રભાવના જાગરણ સપ્તાહ’ અન્વયે તા.૧૪-૮-૧૩ના રોજ ટાઉન હૉલ, એલિસબ્રીજ ખાતે ‘મા તુજે સલામ’ રાષ્ટ્રભક્તિગીતનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સ્કૂલ બોર્ડના પ્રજ્ઞાચક્ષુ ૮(આઠ) શિક્ષકો, જુદી જુદી ૧૬ બીટમાંથી પસંદ કરાયેલ ૧૬ વિદ્યાર્થીઓ અને સ્કાઉટ ગાઈડના બાળકોએ વૈવિધ્યસભર રાષ્ટ્રભક્તિ ગીતો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન મહાનગરના મેયરશ્રી મીનાક્ષીબેન પટેલે કર્યું હતું. તેમાં સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી, મ્યુનિ. ભાજપ પક્ષના નેતાશ્રી, સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેનશ્રી, સભ્યશ્રીઓ તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ‘રાષ્ટ્રભક્તિ’ ગાન કાર્યક્રમમાં ભાગ લેનાર પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું તેમજ બાળકોનું સુંદર ભેટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

**‘સોનાબા શાહ’ વકતૃત્વ સ્પર્ધા :-**

અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડ અને રોટરી કલબ અમદાવાદ મેટ્રોના સંયુકત ઉપક્રમે ‘સોનાબા શાહ’ વકતૃત્વ સ્પર્ધાનો કાર્યક્રમ શાળા કક્ષાએ તા.૧૩-૮-૧૩ના રોજ યોજવામાં આવ્યો.ત્યારબાદ બીટ કક્ષાની સ્પર્ધા તા.૧૩-૯-૧૩ના રોજ યોજવામાં આવી. બીટકક્ષાએ પ્રથમ પાંચ ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓની ઝોન કક્ષાની સ્પર્ધા તા.૨૪-૯-૧૩ના રોજ યોજાયેલ. ઝોન કક્ષામાં

વિજેતા થનાર વિદ્યાર્થીઓની વકતૃત્વ સ્પર્ધા તા.૪-૧-૧૪ ના રોજ ટાઉન હૉલ, એલિસબ્રીજ ખાતે યોજાશે.

**શિક્ષક દિનની ઉજવણી :-**

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના સંયુકત ઉપક્રમે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનના જન્મ દિન' શિક્ષકદિન'ની ઉજવણી તા.૫-૯-૧૩ના રોજ સ્કાઉટભવન, પાલડી ખાતે, મહાનગરના મેયરશ્રી મીનાક્ષીબેન પટેલના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી. અધ્યક્ષસ્થાનેથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના માન. મેયરશ્રી મીનાક્ષીબેન પટેલે જણાવ્યું કે એક માત્ર માતા અને શિક્ષક જ સમાજનું ઘડતર, ભણતર અને ગણતર કરી શકે છે. વધુમાં તેમણે જણાવ્યું કે સ્વાંતઃ સુખાય માટે શિક્ષણ આપવું જોઈએ અને મ્યુનિ. શાળાઓમાં ભણતાં બાળકોને સંસ્કારી અને સુશિક્ષિત બનાવવા સૌ વિદ્યાસહાયકોને અપીલ કરી હતી.

શિક્ષક દિને આ કાર્યક્રમના પ્રાસંગિક વક્તા મેનેજમેન્ટ નિષ્ણાંત ડૉ.શૈલેષ ઠાકરે કહ્યું કે શિક્ષકનું કાર્ય બાળક ભણતો થાય તેવું વાતાવરણ ઉભું કરવાનું છે તેમજ વીસ વર્ષ પછી વિશ્વમાં જે સ્કીલ ચાલતી હશે તે કૌશલ્ય આજે વર્ગખંડમાં બાળકોને શિખવાડવાની શીખ આપી.

કાર્યક્રમની શરૂઆત 'મનુષ્ય તુ બડા મહાન હૈ' ની પ્રાર્થના દ્વારા થઈ. દીપ પ્રાગટ્ય બાદ સ્કૂલ બોર્ડના એ.ઓ.શ્રી એ સ્વાગત પ્રવચન કર્યું. શિક્ષક મહિમા અંગે સ્કૂલ બોર્ડના ત્રણ બાળકોએ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનન વિશે હિન્દી, ગુજરાતી અને અંગ્રેજીમાં સુંદર વક્તવ્ય રજૂ કર્યું.

શિક્ષકદિનના કાર્યક્રમમાં સુદીર્ઘ સેવા આપનાર સ્કૂલ બોર્ડના અગિયાર શિક્ષકો, ઉચ્ચતર માધ્યમિક, માધ્યમિક અને પ્રાથમિક વિભાગના ત્રણ શિક્ષકો, માધ્યમિક શાળાના એક આચાર્યને શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં સ્ટે.કમિટીના ચેરમેનશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી ડૉ.જગદીશભાઈ ભાવસાર, વા.ચેરમેનશ્રી ડૉ.હર્ષદભાઈ પટેલ, ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી દીલીપભાઈ ગોર, હા.ઈ. એન્ડ ઈ. ડબ્લ્યુ. એસ. આવસ યોજના કમિટીના ચેરમેનશ્રી મહાદેવભાઈ દેસાઈ, મટિરીયલ અને પર્ચેઝ કમિટીના ચેરમેનશ્રી નિતીનભાઈ શાહ, રીક્રીએશન કમિટીના ચેરમેનશ્રી કુસુમબેન જોષી, રોડ અને બિલ્ડીંગ કમિટીના ચેરમેનશ્રી કાંતિભાઈ પટેલ, હેલ્થ કમિટીના ચેરમેનશ્રી શંભુભાઈ પટેલ, વોટર સપ્લાયના ચેરમેનશ્રી સુરેશભાઈ પટેલ, કાઉન્સીલરશ્રી નંદિનીબેન પંડયા અને પ્રિતેશભાઈ મહેતા તેમજ સ્કૂલ બોર્ડના સભ્યશ્રી મૌલિકભાઈ જોષી, ડૉ.મયુરભાઈ ભરવાડ, શ્રી વીણાબેન પ્રજાપતિ, શ્રી પ્રમોદાબેન સુતરિયા, શ્રી મહેશભાઈ ઠક્કર, ડૉ.સી.એલ.ગુપ્તા, ડૉ.પરાગભાઈ ઠાકર, ડૉ.સુજય મહેતા, શ્રી રમેશભાઈ ચૌધરી, વિવિધ મંડળોના હોદ્દેદારશ્રીઓ, અધિકારીશ્રીઓ, શિક્ષકો તેમજ નવનિયુકત વિદ્યાસહાયકો ઉપસ્થિત રહ્યા હતા.

**દિગ્વિજય દિનની ઉજવણી :-**

સ્વામી વિવેકાનંદજીએ અમેરિકાના શિકાગો શહેરમાં ભરાયેલ ધર્મ પરિષદમાં આપેલ પ્રવચનને ૧૨૦ વર્ષ પૂર્ણ થતાં તેના માનમાં તા.૧૧-૯-૧૩ના રોજ સ્કૂલ બોર્ડની ધોરણ ૬ થી ૮ ધરાવતી શાળાઓમાં 'દિગ્વિજય દિન'ની હર્ષભેર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સ્કૂલ બોર્ડનાં ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, સદસ્યશ્રીઓ, શાસનાધિકારીશ્રી તથા નાયબ શાસનાધિકારીશ્રીઓએ જુદા જુદા વોર્ડની ૧૬ શાળાઓમાં 'સ્વામી વિવેકાનંદ' વિશે પ્રેરક વક્તવ્ય આપ્યા હતા.

**પૂજ્યશ્રી મોટા – વકતૃત્વ તથા નિબંધ સ્પર્ધા :-**

પૂ.શ્રી મોટાના જન્મદિન નિમિત્તે સ્કૂલ બોર્ડની શાળાઓમાં 'પૂ.શ્રી મોટાનું વિદ્યાર્થી જીવન' વિષય પર તા.૨૩-૯-૧૩ ના રોજ શાળા કક્ષાએ વકતૃત્વ તથા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાકક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓની તા.૩૦-૯-૧૩ના રોજ બીટ કક્ષાએ વકતૃત્વ તથા નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી.બીટ કક્ષાએ પ્રથમ પાંચ ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓને તેમજ શાળા અને બીટકક્ષાએ ભાગ લેનાર પ્રત્યેક વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ભેટ આપવામાં આવી. તદ્ ઉપરાંત 'હરિઁ' સત્સંગ મંડળ દ્વારા ધોરણ ૬ થી ૮ની તમામ શાળાઓને 'તરણામાંથી મેરૂ' પુસ્તક આપવામાં આવ્યું હતું.

તા.૧૪-૧૨-૧૩ના રોજ સ્કૂલ બોર્ડ, અમદાવાદ તેમજ હરિઃ ૐ આશ્રમ સુરત,હરિવાણી ટ્રસ્ટ,હરિઃ ૐ સત્સંગ મંડળ, અમદાવાદના સંયુકત ઉપક્રમે ટાઉનહૉલ



જે માણસ જૂઠું બોલતાં ડરે છે, તે પછી બીજા કશાથી ડરતો નથી

એલિસબ્રીજ ખાતે ''પૂ.શ્રી મોટા-જીવન અને કાર્ય'' વિષય પર શહેર કક્ષાની વકતૃત્વ અને નિબંધ સ્પર્ધા યોજાઈ ગઈ. શાળા, બીટ અને ઝોન કક્ષાએથી ૧૯ વકતૃત્વ તેમજ ૧૯ નિબંધ સ્પર્ધાના વિજેતા બાળકોની સ્પર્ધા થઈ તેમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર બાળકોને અનુક્રમે સાયકલ, કોમ્પ્યુટર ટેબલ અને ૨ નંગ પ્લાસ્ટિક ખુરશી ઈનામ સ્વરૂપે આપવામાં આવી. ઝોન કક્ષા તથા શહેર કક્ષામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્કૂલ બેગ અને આ બાળકોને તૈયાર કરાવનાર શિક્ષકોને બેગ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

**'રત્ન સરદાર વલ્લભભાઈ પટેલ' વકતૃત્વ સ્પર્ધા :-**

સરદાર પટેલ સેવા સમાજ અમદાવાદ દ્વારા ભારતના નરરત્ન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૮મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે તેમની સ્મૃતિમાં સ્કૂલ બોર્ડની ધો.૬ થી ૮ ધરાવતી તમામ શાળાઓમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાકક્ષાએ વકતૃત્વ સ્પર્ધાના આયોજન બાદ તા.૨૬-૯-૧૩ના રોજ જે-તે ઝોનની બીટ કક્ષાની વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા બાળકોને તથા ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. તા.૧૯-૧૦-૧૩ના રોજ સરદાર પટેલ સેવા સમાજ, મીઠાખળી ખાતે યોજાયેલ શહેરની વકતૃત્ત્વ સ્પર્ધામાં દરેક બીટમાં પ્રથમ ત્રણ વિજેતા થયેલ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ત્રણ વિજેતા બાળકોને અનુક્રમે રૂા.૧૦૦૧/-, રૂા.૭૦૧/- અને રૂા.૫૦૧/- તેમજ પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં.

**ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન - ૨૦૧૩ :-**

તા.૨૭-૯-૧૩ના રોજ જી.સી.ઈ.આર.ટી., જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી અમદાવાદ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમદાવાદ શહેર તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંયુક્ત ઉપક્રમે શહેરકક્ષાના પ્રાથમિક વિભાગના ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૩નો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાઈ ગયો. એલિસબ્રીજ શાળા.નં.૨ના સંકુલ ખાતે એલિસબ્રીજ વિધાનસભાના ધારાસભ્યશ્રી રાકેશભાઈ શાહના વરદ્‌હસ્તે આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ''વૈજ્ઞાનિક અને ગાણિતીક નાવીન્યકરણ'' મુખ્ય વિષય સાથે આયોજિત આ પ્રદર્શન કુલ પાંચ વિભાગમાં પ્રદર્શિત થયું હતું. આ પ્રદર્શનમાં મ્યુનિ. સ્કૂલ બોર્ડ સંચાલિત ૧૬૧ શાળાઓ તેમજ ૪૪ ખાનગી પ્રાથમિક શાળાઓ એમ કુલ ૨૦૫ શાળાઓએ ભાગ લીધો હતો.જેમાં ૨૧૧ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પ્રદર્શનનો સમાપન સમારોહ તા.૨૮-૯-૧૩ના રોજ યોજવામાં આવ્યો હતો. સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રીએ ઉપસ્થિત બાળકોને આ પ્રદર્શન યોજવાનો હેતુ સમજાવી, સતત સંશોધન તથા સતત ચિંતન કરી મહાન વૈજ્ઞાનિક બનવા નાનપણથી જ સતત વિચારશીલ બનવા માટે વિજ્ઞાનને સંલગ્ન જુદા જુદા સ્લોગન બાળકોને બોલાવી પ્રેરણા અને માર્ગદર્શન આપ્યું. સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેનશ્રી તથા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના પૂર્વ ઝોનના ડે.કમિશનરે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ પ્રદર્શનમાં ભાગ લેનાર તમામ બાળકોને કંપાસ બોક્ષ તથા પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શન નિહાળવાનો કુલ ૪૦ હજારથી વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

**બાળ રમતોત્સવ - ૨૦૧૩ :-**

સ્કૂલ બોર્ડના બાળકો રમત-ગમત પ્રત્યે વધુ રસ કેળવે તેમજ તેમનામાં ખેલદિલીની ભાવના વિકસે તે હેતુસર અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડની શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકો માટે ચાલુ વર્ષે પણ બાળ-રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તા.૧-૧૦-૧૩ના રોજ મ્યુનિ. શાળાઓના તમામ બાળકોને શાળા કક્ષાએ વિભાગવાર વિવિધ રમતો રમાડવામાં આવી હતી. શાળા કક્ષાએથી ઉત્તમ ખેલાડીઓની પસંદગી કરીને તા.૫-૧૦-૧૩ના રોજ સી.આર.સી. કક્ષાના રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સી.આર.સી. કક્ષાએથી વ્યક્તિગત રમતોમાંથી એક-એક ખેલાડી તેમજ સાંઘિક રમતોમાંથી એક-એક ટીમની ઝોન કક્ષાના રમતોત્સવ માટે પસંદગી કરવામાં આવી. તા.૮-૧૦-૧૩ના રોજ ઝોનના નક્કી કરેલા કેન્દ્રો પર ઝોન કક્ષાના રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝોન કક્ષાએથી વ્યક્તિગત રમતોમાંથી પ્રથમ,દ્વિતીય અને તૃતીય એમ ત્રણ વિદ્યાર્થીઓ તેમજ સાંઘિક રમતોમાંથી બે-બે ટીમોની શહેરકક્ષાના રમતોત્સવ માટે પસંદગી કરવામાં આવી. તા.૨૫-૧૧-૧૩ના રોજ શહેરકક્ષાએ આયોજિત રમતોત્સવ અંતર્ગત એસ.આર.પી.શા.નં.૧નાં સંકુલ ખાતે દોડ,ઊંચી

કૂદ,લાંબી કૂદ ગોળા ફેંક(તમામ),એલિસબ્રીજ શાળા નં.૨ના સંકુલ ખાતે યોગાસન અને ચેસ જેવી ઈન્ડોર ગેઈમ તથા મણિનગર શાળા નં.૬ના સંકુલ ખાતે કબડ્ડી તથા ખોખોની સાંઘિક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

**રાસ ગરબા સ્પર્ધા – ૨૦૧૩ :-**

તા. ૧૪/૧૦/૨૦૧૩ના રોજ ટાઉન હોલ, એલિસબ્રીજ ખાતે નવરાત્રિ પર્વ નિમિત્તે સ્કૂલ બોર્ડની શાળાઓની શહેરકક્ષાની રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સ્કૂલ બોર્ડની શાળાઓના ૬ ઝોનની કુલ ૧૬ શાળાઓએ ભાગ લઈ 'મા' શક્તિની આરાધના કરતા ગરબા રજૂ કર્યા હતા.

આ સ્પર્ધામાં રજૂ થયેલ ગરબાઓ પૈકી પાંચ શાળાઓના ગરબાને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે મહાત્મા ગાંધી શાળા નં. ૧, દ્વિતીય ક્રમે નારણપુરા શાળા નં. ૧ અને બાપુનગર શાળા નં. ૧૩ તથા તૃતીય ક્રમે અમરાઈવાડી શાળા નં. ૧૩ અને નવા વાડજ હિન્દી શાળા નં. ૧ના વિજેતા ગરબાને અનુક્રમે રૂા. ૩૦૦૧/-, રૂા. ૨૦૦૧/- અને રૂા. ૧૦૦૧/- રોકડ પુરસ્કાર તેમજ શિલ્ડ આપવામાં આવ્યા હતા. આ હરીફાઈમાં ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહક ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે માન. મેયરશ્રી મીનાક્ષીબેન પટેલ, માન. ડે. મેયરશ્રી રમેશભાઈ દેસાઈ, એ.એમ.ટી.એસ. ચેરમેનશ્રી બાબુભાઈ ઝડફિયા, સ્કૂલ બોર્ડ ચેરમેનશ્રી ડૉ. જગદીશભાઈ ભાવસાર, વાઈસ ચેરમેનશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, સદસ્યશ્રીઓ, અધિકારીગણ તેમજ મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

**સ્કાઉટ ગાઈડ રેલી :-**

તા. ૩૧/૧૦/૨૦૧૩ના રોજ સરદાર પટેલની જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે ઈન્દુલાલ યાજ્ઞિકની પ્રતિમાથી સરદાર બાગખાતે આવેલી લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સુધી સ્કાઉટ ગાઈડ બાળકોની રેલી યોજવામાં આવી હતી. આ પ્રસંગે સ્કૂલ બોર્ડ ચેરમેનશ્રી ડૉ. જગદીશભાઈ ભાવસાર, વાઈસ ચેરમેનશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, સદસ્યશ્રીઓ, અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

**શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ :-**

રાજય સરકાર દ્વારા પ્રા. શાળાના બાળકોનો શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ તા.૨૨-૧૧-૧૩ થી તા.૨૬-૧૧-૧૩ સુધી હાથ ધરવામાં આવ્યો. જેમાં ચૌદ વર્ષ સુધીના તમામ શાળામાં ભણતાં અને શાળા બહારના બાળકો તેમજ આંગણવાડીના તમામ બાળકોની પણ આરોગ્ય તપાસણી કરી જરૂરી સારવાર આપવામાં આવી.

**નવ નિર્મિત શાળા લોકાર્પણ કાર્યક્રમ :-**

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા 'નવનિર્મિત વાસણા શાળા નં. ૮ અને ૯ તથા સર્વ શિક્ષા અભિયાન દ્વારા એલિસબ્રીજ શાળા નં. ૧૭ના નવનિર્મિત ઓરડાઓનો લોકાર્પણનો' કાર્યક્રમ તા. ૨૫/૧૧/૨૦૧૩ના રોજ વાસણા શાળા નં. ૯માં યોજાઈ ગયો. માન. મહેસુલમંત્રીશ્રી આનંદીબેન પટેલના હસ્તે લોકાર્પણ વિધિ કરવામાં આવી. આ પ્રસંગે મેયરશ્રી મીનાક્ષીબેન પટેલ, સંસદ સભ્યશ્રી કિરીટભાઈ સોલંકી, એલિસબ્રીજ વિસ્તારના ધારાસભ્યશ્રી રાકેશભાઈ શાહ, ડે. મેયરશ્રી રમેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મ્યુનિ. ભાજપના નેતાશ્રી મયુરભાઈ દવે, સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી ડૉ. જગદીશભાઈ ભાવસાર, વાઈસ ચેરમેનશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, સદસ્યશ્રીઓ, વાસણા તેમજ આંબાવાડી વોર્ડના કાઉન્સીલરશ્રીઓ, સ્કૂલ બોર્ડના અધિકારીગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સાથે તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ગુણવત્તાલક્ષી શિક્ષણ કાર્યક્રમ અભિયાન :-**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના ઉપક્રમે "પરિવર્તન" અંતર્ગત પ્રારંભાયેલ "ગુણવત્તાલક્ષી શિક્ષણ કાર્યક્રમ અભિયાન" નું આંતરરાષ્ટ્રીય કેળવણીકાર શ્રી ડૉ.રવીન્દ્ર દવેએ તા.૦૭/૧૨/૧૩ ના રોજ સમિતિ ખંડ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ મુખ્ય કાર્યાલય ખાતે ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેઓશ્રીએ કેળવણીને આધ્યાત્મિકતા અને આધુનિકતા સાથે જોડવા અનુરોધ કર્યો હતો. શિક્ષણને એકાંગીને બદલે સર્વાંગિ બનાવવા ત્રણ બાબતો સમગ્ર શિક્ષણસંસ્થાઓએ અપનાવવા આગળ આવવાની હિમાયત કરી હતી. કેળવણીને જ્ઞાનાત્મક તેમજ બોધાત્મક વિકાસ સાથે, મુલ્યાત્મક તેમજ ચારિત્ર્યાત્મક વિકાસ સાથે અને

કાર્યલક્ષી-કાર્યકૌશલ્ય વિકાસ સાથે સાંકળીને ગુણવત્તાલક્ષી બનાવવા અપીલ કરી હતી.

તેઓશ્રીએ કેળવણીને માનવ સશક્તિ કરણ સાધન બનાવવા પ્રયોગાત્મક, પરિવર્તનલક્ષી અભિગમ હસ્તગત કરવાની શિક્ષણસંસ્થાઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને હાકલ કરી હતી. કેળવણી થકી જ માનવપરિવર્તન થશે અને રાષ્ટ્રની પ્રગતિ થશે.

"ગુણવત્તાલક્ષી શિક્ષણ કાર્યક્રમ અભિયાન" ના પ્રારંભ પ્રસંગે સ્કૂલ બોર્ડના ચેરમેન ડૉ.જગદીશ ભાવસારે શિક્ષણને સમાજના જરૂરિયાતમંદ પરિવાર સુધી પહોંચાડી સ્વમાનનું જીવન સૌને પ્રાપ્ત થાય તે હેતુથી પ્રારંભ થયેલું અભિયાન અમદાવાદ "પરિવર્તન" નું માધ્યમ બનશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો.

સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેન ડૉ.હર્ષદભાઈ પટેલે આંતરરાષ્ટ્રીય કેળવણીકાર ડૉ.રવીન્દ્રભાઈ દવેના શિક્ષણ અને સરસ્વતી સાધનાના અનેક પાસાઓની વિગતો આપી મહાનગરના આંગણે તેઓશ્રીની કેળવણીની વિભાવનાઓનો લાભ ઉપયોગી થશે તેવી અપેક્ષા વ્યકત કરી હતી.

સ્કૂલ બોર્ડના શાસનાધિકારી ડૉ.એલ.ડી.દેસાઈએ કેળવણીકાર ડૉ.રવીન્દ્ર દવેનું "ગુણવત્તાલક્ષી શિક્ષણ" ના અભિયાન પ્રારંભ પ્રસંગે પધારવા બદલ સ્વાગત કર્યું હતું. આભારવિધિ સભ્યશ્રી મૌલિકભાઈ જોષીએ કરી હતી. આ સેમીનારમાં સ્કૂલ બોર્ડ સદસ્યોશ્રીઓ, અધિકારીગણ તેમજ યુ.આર.સી., નૂતન તાલીમ અધ્યાપક ઉપસ્થિત રહ્યા હતા.

**કુપોષણ સામે કરીએ જંગ - નાટય સ્પર્ધા :-**

સમગ્ર દેશને પરેશાન કરતી કુપોષણની સમસ્યાના મુદ્દાને લઈને જનજાગૃતિ આવે અને કુપોષણ દુર થાય તે હેતુથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ૩ ડિસેમ્બરના વાલીદિનથી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે શિક્ષણ સમિતિની તમામ ૪૫૦ શાળાઓમાં 'કુપોષણ સામે કરીએ જંગ-કુપોષણ હટાવીએ' મુદ્દાને આધારે ૫૦,૦૦૦ થી વધુ બાળકોએ શાળાકક્ષાએ કુપોષણ માટેના કારણો અને ઉપાયોને સાંકળતી નાટિકાઓ શિક્ષક મિત્રોના સહકારથી રજુ કરી વાલીઓને જાગૃત કરવાનું કામ કર્યું હતું.

આ અંગેની વિગતોમાં ચેરમેનશ્રી ડૉ.જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે ન.પ્રા.શિ.સમિતિ દ્વારા પહેલીવાર યોજાયેલી સ્પર્ધામાં શાળા કક્ષાએથી પસંદ કરાયેલી ઉત્તમકૃતિઓને બીટ કક્ષાએ અને બીટ કક્ષાએ ઉત્તમ કૃતિઓને ઝોન કક્ષાએ રજૂ કરવામાં આવી. ઝોન કક્ષાએ પસંદગી પામેલી ૧૯ જેટલી કૃતિઓની શહેર કક્ષાની નાટ્ય સ્પર્ધા ૧૬ ડિસેમ્બરના રોજ ટાઉન હોલ, અમદાવાદ ખાતે યોજવામાં આવી હતી. શહેરકક્ષાએ યોજાયેલી નાટ્ય સ્પર્ધામાં જુદી જુદી શાળાઓના ૩૦૦ જેટલા બાળકોએ કુપોષણની સામાજીક સમસ્યાને પોતાની આગવી શૈલીમાં રજૂ કરી હતી.

નાટ્ય સ્પર્ધામાં મહાત્માગાંધી આશ્રમ ગુજરાતી શાળા પ્રથમ નંબરે આવી હતી. બીજા નંબરે બહેરામપુરા શાળા નં.૧૧ અને તૃતીય નંબરે અસારવા શાળા નં.૩ની શાળા આવી હતી. આ શાળાઓના વિદ્યાર્થીઓને અનુક્રમે રૂા.૫૦૦૦/-, રૂા.૩૦૦૦/- અને રૂા.૨૦૦૦/- રોકડ ઈનામ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. મહાનગર ખાતે પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનાર નાટકોને વિશેષ તાલીમ આપી કાંકરિયા કાર્નિવલ - ૨૦૧૩ ખાતે રજૂ કરવામાં આવશે.

તા.૧૬/૧૨/૨૦૧૩ ના નાટય સ્પર્ધાના કાર્યક્રમમાં માનવ સાધનાના ટ્રસ્ટી શ્રીમતિ અનારબેન પટેલ, ડેપ્યુટી મ્યુનિ. કમિશ્નરશ્રી દિલીપ ગોર, સ્કૂલ બોર્ડના સભ્યોશ્રી ડૉ.પરાગ ઠાકર, ડૉ.સી.એલ.ગુપ્તા, ડૉ.સુજય મહેતા, ડૉ.મયુર ભરવાડ, શ્રી વીણાબેન પ્રજાપતિ, શ્રી મહેશભાઈ ઠક્કર, શ્રી અનસુયાબેન પટેલ, અધિકારીઓ, શિક્ષકો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

**એક દિવસીય સેવાકાલીન શિક્ષક તાલીમ :-**

તા. ૨૧/૧૨/૨૦૧૩ના રોજ ૪૩ સી.આર.સી. કેન્દ્રો પર સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત એક દિવસીય સેવાકાલીન શિક્ષક તાલીમ યોજાઈ. ભાષા સજ્જતા, લેખન સજ્જતા, ગણિત-વિજ્ઞાન વિષયને શીખવાડવા માટે અપાયેલ શૈક્ષણિક સાધનોની જાણકારી તેમજ તેનો ઉપયોગ, ગુણોત્સવ માટેનું ચેકલીસ્ટ જેવી બાબતોની સમજ આ તાલીમમાં સી.આર.સી. કોઑર્ડિનેટર અને તજજ્ઞ દ્વારા આપવામાં આવી.

'ગુણવત્તાલક્ષી શિક્ષણ કાર્યક્રમ અભિયાન'ના ભાગ રૂપે શિક્ષણને ગુણવત્તા લક્ષી અને ચેતનવંતુ બનાવવા, આવશ્યક જે બાબતો હોય તે બાબતોની ચર્ચા જુદા-જુદા સી.આર.સી. કેન્દ્રો પર અગાઉથી થયેલ આયોજન મુજબ

સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, સભ્યશ્રીઓ અને અધિકારીગણે કરી હતી.

**ધો.૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે બાળ-રમતોત્સવ**

મ્યુનિ. સ્કૂલ બોર્ડની શાળાઓના ધો.૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે બાળ-રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તા.૧૧/૧૨/૨૦૧૩ અને તા.૧૨/૧૨/૨૦૧૩ ના રોજ મ્યુનિ. શાળાઓમાં ધો.૧ થી ૫ના તમામ બાળકોને શાળા કક્ષાએ વિભાગવાર વિવિધ રમતો રમાડવામાં આવી હતી. સંગીત ખુરશી, લીંબુ ચમચી અને ૧૦૦ મીટર દોડ જેવી રમતોમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જુદી જુદી રમતોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા ખેલાડીને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

**સરદાર બાળમેળો :-**

તા. ૧૩/૧૨/૧૩ના રોજ જી.સી.આર.ટી. અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંયુક્ત ઉપક્રમે મ્યુનિ.ની તમામ શાળાઓમાં 'સરદાર પટેલ બાળમેળા' નું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલ બાળમેળાના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.

- બાળકો વિવિધ આનંદદાયી પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન મેળવે
- બાળકો સરદાર પટેલના જીવન કાર્યોથી પરિચિત થાય અને પ્રેરણા મેળવે.
- બાળકોમાં સહકાર, નેતૃત્વ, લોકશાહીની ભાવના વિકસે.
- બાળકોમાં સર્જનાત્મકતા અને મૌલિકતા વિકસે.
- જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યો કેળવાય.

**'સ્ટેચ્યુ ઓફ યુનિટી' થીમ પર ચિત્ર સ્પર્ધા :-**

તા.૧૫/૧૨/૨૦૧૩ ના રોજ સરદાર બાગ, લાલદરવાજા ખાતે મ્યુનિ. સ્કૂલ બોર્ડ દ્વારા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' થીમ પર આધારિત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મ્યુનિ. સ્કૂલ બોર્ડની શાળાઓમાં ધો. ૬ થી ૮ ના ૫૬૫ બાળકોએ આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે અમદાવાદ મહાનગરના મેયરશ્રી મીનાક્ષીબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, સદસ્યશ્રીઓ, કાઉન્સીલરશ્રીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**કાંકરિયા કાર્નિવલ - ૨૦૧૩ :-**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૫/૧૨/૨૦૧૩ થી તા. ૩૧/૧૨/૨૦૧૩ સુધી કાંકરિયા કાર્નિવલ - ૨૦૧૩નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્નિવલમાં અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓના વિદ્યાર્થીઓ રંગાળી સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન, સ્કીલોરામા, બેન્ડ ડીસ્પ્લે તથા વેશભૂષા જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યાં છે. કાંકરિયા કાર્નિવલ દરમ્યાન મ્યુનિસિપલ શાળાઓના બાળકોને રોજની એક એમ સતોડિયું, પગથિયા, ભમરડો, ઈંડું તથા લખોટી જેવી વિસરાતી જતી રમતો રમાડવામાં આવશે. જે તે સ્પર્ધામાં વિજેતા થનાર બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

કાંકરીયા કાર્નિવલ - ૨૦૧૩ દરમ્યાન તા. તા. ૨૪/૧૨/૨૦૧૩ના રોજ રંગોળી સ્પર્ધા, તા. ૨૬/૧૨/૨૦૧૩ના રોજ સ્કીલોરામા, તા. ૨૭/૧૨/૨૦૧૩ના રોજ નિબંધ સ્પર્ધા, તા. ૨૮/૧૨/૨૦૧૩ના રોજ વકતૃત્વ સ્પર્ધા, તા. ૨૯/૧૨/૨૦૧૩ના રોજ ચિત્ર સ્પર્ધા તથા તા. ૩૦/૧૨/૨૦૧૩ના રોજ વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત તા. ૨૬/૧૨/૨૦૧૩ થી ૩૦/૧૨/૨૦૧૩ સુધી દરરોજ એક વિસરાતી જતી રમતો, તા. ૨૯ અને ૩૦/૧૨/૨૦૧૩ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમ, તા. ૨૭ અને ૨૮/૧૨/૨૦૧૩ના રોજ સ્કાઉટ બેન્ડ ડીસ્પ્લે અને તા. ૨૫ અને ૩૦/૧૨/૨૦૧૩ના રોજ કુપોષણ અંગે નાટકનું પણ આયોજન કરવામાં આવેલ છે.

**કાંકરિયા કાર્નિવલ - ૨૦૧૩ (માનવ સાંકળ) :-**

તા. ૨૪/૧૨/૨૦૧૩ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા સ્ટેચ્યુ ઑફ યુનિટીના સંદર્ભે તેમજ ભારત એકતાને દર્શાવવા માનવ સાંકળની રચના કરવામાં આવી. આ કાર્યક્રમમાં અમદાવાદ મહાનગર પાલિકાના મેયરશ્રી મિનાક્ષીબેન પટેલ, સ્કૂલ બોર્ડના ચેરમેન ડૉ. જગદીશભાઈ ભાવસાર, વાઈસ ચેરમેન ડૉ. હર્ષદભાઈ પટેલ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી, સ્કૂલ બોર્ડના સદસ્યશ્રીઓ, અધિકારીગણ, શિક્ષકો તથા મોટી સંખ્યામાં ઉપસ્થિત બાળકોએ કાંકરિયા તળાવની ફરતે માનવ સાંકળ રચી હતી.

## -: મારે પણ કાંઈક કહેવું છે :-

### કળીને બનાવીએ કુસુમ

હં... ઉપરનું ટાઈટલ વાંચતાં જ થયોને મગજમાં ઝબકારો? હા આ એ જ કળીની વાત કરું છું જે આપણે સૌએ વિચાર્યું આ કળી એટલે આપણી શાળામાં ભણતું બાળક જે ફૂલની કળીની જેમ કોમળ અને નાજુક છે. આ કુમળા કળી જેવા બાળકોની આંખો તેના શિક્ષક સામે જ સૌથી વધુ સમય સુધી ખુલ્લી હોય છે. આ બાળકની આંખોમાં આંખ મિલાવીને જોશો તો તેની આંખોમાં ઘણી બધી અપેક્ષાઓ જોવા મળશે જે આપણે સૌએ પૂરી કરવાની છે. માળી જેમ કળીનું જતન કરે છે તેમ આ ભૂલકાં રૂપી કળીઓનું આપણે સૌએ સતત આઠ વર્ષ સુધી જતન કરવાનું છે. આપણે સૌએ તેમનામાં સારું શિક્ષણ, સારા સંસ્કાર, સારી કેળવણીનું સિંચન કરી કળીમાંથી સુંદર મજાનું કુસુમ(પુષ્પ) બનાવવાનું છે.

બીજી વાત કે આપણે બે હાથ જોડી ભગવાનની સામે નહીં બેસીએ તો ભગવાનને ખોટું નહિ લાગે પણ જો આ બાળક સાથેની કામ કરવાની એક પણ ક્ષણ બગાડીશું તો ભગવાનને જરૂર ને જરૂર ખોટું લાગશે. બાળક સાથે તન અને મનથી કામ કરતાં રહેનારને ભગવાન ફળ આપે જ છે. જો તમારે પ્રયત્ન કરવો હોય તો કરી જોજો કે દિવસ દરમ્યાન તમે બાળક સામે સતત કાર્યરત રહો પછી ઘરે જશો કે તરત જ તમારું પોતાનું બાળક નોટબુક લઈને આવશે અને તમને કહેશે કે, ‘‘મમ્મીને મારા શિક્ષકે આજે વેરી ગુડ આપ્યું.’’ આ શું છે? આ તમને ભગવાને આપેલું તાત્કાલિક ફળનું પરિણામ છે જે તમે દિવસ દરમ્યાન કર્યું હતું.

આપણે એવું પણ નથી માની લેવાનું કે આ બાળકો આગળ ભણીને શું કરશે? અત્યારે આપણા જ કોર્પોરેશનના બાળકો પતંગોત્સવમાં સુંદર મજાના યોગ અને સૂર્યનમસ્કાર કરે છે. જેને જોતાં જ સૌ દંગ રહી જાય છે. આપણે જ આ બાળકોમાં સર્જનશક્તિ, કલ્પનાશક્તિ તેમજ નવું નવું જાણવાની વૃત્તિ જગાવવાની છે. જ્યારે આપણું જ ભણાવેલું બાળક આગળ જઈને કોઈ ઉચ્ચ પદવી પ્રાપ્ત કરશે કે નવીન ટેક્નોલૉજીનો ઉપયોગ કરી નવી વસ્તુનું નિર્માણ કરશે ત્યારે દુનિયાના લોકો જરૂર તેમના મોઢે બોલશે કે..

*વિશ્વને રોશન કરી ગયો,*
*આ વિરલો ગુજરાતનો,*
*સૂર્ય પણ જોતો રહ્યો,*
*જ્યોતિ કલા ગુજરાતની.*

આવું જ્યારે આપણે સાંભળીશું ત્યારે જે શિક્ષકે તેને કળીમાંથી કુસુમ બનાવ્યું હશે તેની છાતી ગદ્ ગદ્ ફૂલી જશે અને આંખમાંથી હર્ષના આંસુ સરી પડશે. માટે આવો આપણે સૌ સંકલ્પ કરીએ કે આપણી શાળાની તમામ કળીઓને સારું શિક્ષણ આપી કળીમાંથી કુસુમ બનાવીએ અને તેની સુવાસ પૂરી દુનિયામાં ફેલાવી આખી દુનિયાને સુગંધીત બનાવી તેનો આનંદ માણીએ.

**ભાવનાબેન એન. પટેલ (આ.શિ.)**
**હાંસોલ ગુજરાતી શાળા નં. ૨**

### મ્યુનિ. શાળાના શિક્ષકો જોગ

**મારે પણ કંઈક કહેવું છે-** શિક્ષણને પોષક, શિક્ષકને પ્રોત્સાહક અને બાળક માટે પ્રેરણાદાયી લેખ નગર શિક્ષણ પત્રિકામાં પ્રગટ કરવા માટે આવકારવામાં આવશે.

**નોંધ :** રચના મૌલિક હોવી જોઈએ, ટૂંકી હોવી જોઈએ, પાનાની એક બાજુ, શુદ્ધ જોડણી અને સારા અક્ષરે લખાયેલી હોવી જોઈએ. જગ્યાની અનુકૂળતા અને લેખની ઉપયોગિતાના આધારે પસંદગી કરવામાં આવશે.

**Best Practices -** સ્કૂલ બોર્ડ તરફથી સીધી સૂચના વગર પણ શિક્ષણ અને બાળઘડતરને ઉપકારક પ્રયાસ કે ઈનોવેટીવ એક્ટિવીટી હાથ ધરવામાં આવેલ હોય તો પ્રાપ્ત પરિણામોની ટૂંકી વિગત સાથેનો અહેવાલ આ પત્રિકામાં પ્રગટ કરવા માટે આવકારવામાં આવશે.

નૂતન તાલીમ વિભાગ,
જમાલપુર શાળા નં. ૪ ની પાછળ, અમદાવાદ

**Book Post**

પ્રતિ શ્રી, ____________________

____________________

____________________

પ્રેષક :
**ડૉ. એલ.ડી. દેસાઈ**
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
એલિસબ્રીજ શાળા નં-૧૦, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાછળ,
નવરંગપુરા, અમદાવાદ-૯
ફેક્સ : - (૦૭૯) ૨૬૪૨ ૭૦ ૧૪



જો બુદ્ધિરૂપી હોડી મનરૂપી પવનને વશ થઈ જાય તો તે તારી શકે નહીં, પરંતુ ડૂબાડી દે